જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૧/૨૦૧૮ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર, ૧૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૪,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૧૦૭/૧૮

**ખોખરા :** સંજયભાઇ દેવજીભાઇ પરમાર (ઉ.વ.૨૮)(રહે,પુજાવાળા ની ચાલી, બાલભવનની સામે, ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૧/૧૮ રાતના ૮/૧૫ થી તા.૧૫/૧/૧૮ બપોરના ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો અને તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પતરાની પેટીમાં મુકેલ સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૬૦,૫૦૦/- મત્તાના ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.ઝાલા ચલાવે છે.

**કાગડાપીઠ :** નરેન્દ્રભાઇ વિશ્વાનાથ જુનાગડે(ઉ.વ.૬૨)(રહે,હિંગળાજ સોસાયટી, ફુટબોલ ગ્રાઉન્ડ સામે કાંકરીયા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૧/૧૮ સાંજના ૫/૩૦ થી રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી દાગીના કિંમત રૂપિયા ૬૩,૫૦૦/- તથા રોકડા રૂપીયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૫,૫૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**સરખેજ :** મિથીલભાઈ હસમુખભાઈ પટેલ (ઉ.વ.૩૫)(રહે,સાગર બંગલો નિલય કોમ્પ્લેક્ષ સામે ગુલાબ ટાવર રોડ થલતેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૧/૧૮ ના કલાક ૧/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ ઉજાલા સર્કલ સામે આવેલ સ્વામીનારાયણ એસ્ટેટ માં ગોડાઉન નંબર-૪૦,૪૧ તથા ગોડાઉન નં.૩૫ નું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, રોકડા રૂપીયા ૬૧,૪૮૮/-ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.પાઠક ચલાવે છે.

**<u>સાતમા માળેથી પડી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮/૧૮</u>**

**સાબરમતી :** રમેશભાઇ કચરાભાઇ પારધી (ઉ.વ.૩૦)(રહે,ન્યુ રાણીપ ખોડિયાર માતાના મંદિરની સામે આશ્રય-૧૦, સાબરમતી) તા.૧૫/૧/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરનાં ધાબે સાતમા માળે પતંગ ઉડાડતા હતા દરમ્યાન પગ લપસી જતાં, ધાબા ઉપરથી નીચે પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શનાભાઇ ધુળાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯/૧૮</u>**

**જી.આઇ.ડી.સી.વટવા :** કિંજલ ડો/ઓ મહેન્દ્રસિંહ ઠાકોર (ઉ.વ.૧૭)(રહે,વિનોબાભાવેનગર જીઆઈડીસી વટવા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૧/૧૮ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છત ની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.કે.જાદવ ચલાવે છે.

**બાપુનગર :** સુનીલભાઇ સુરેશભાઇ પરમાર (ઉ.વ.૨૨)(રહે,ગુ.હા.બોર્ડ, ગણપતિ મંદિરની પાછળ બાપુનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૧/૧૮ ના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી જતાં, સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં લાવતાં ડો.શ્રીએ સુનીલભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.પાટીલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.